# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૦૨/૦૮/૨૦૧૭

તંત્રીશ્રી,

..................................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

(વિનોદ જૈન)

મીડિયા કન્વીનર, સુરત

- **સંવેદન મુખ્યમંત્રી માનનીય શ્રી વિજયભાઈ રૂપાણીના જન્મ દિવસની માનવીય અભિગમ સાથેની અનોખી ઉજવણી**
- **સુરતની તમામ વિધાનસભામાં યોજાયેલ મેડીકલ કેમ્પમાં હજ્જારો દર્દીઓએ લાભ લીધો**

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા તથા મહામંત્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, ડો. જગદીશભાઈ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

ગુજરાતના સંવેદનશીલ મુખ્યમંત્રી માનનીય શ્રી વિજયભાઈ રૂપાણીના ૬૧માં જન્મદિન નિમિત્તે ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગર મહિલા મોરચા દ્વારા તમામ વિધાનસભામાં "મેડીકલ કેમ્પ"નું આયોજન આયોજન કરવામાં આવ્યું હતું. તમામ ૧૨ વિધાનસભામાં યોજાયેલ આ મેડીકલ કેમ્પમાં હજ્જારો લોકોએ લાભ લીધો હતો.

સુરત મહાનગરમાં યોજાયેલા મેડીકલ કેમ્પ અંગે વધુમાં માહિતી આપતા ભાજપ–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલાએ જણાવ્યું કે ગુજરાતના સંવેદનશીલ મુખ્યમંત્રી માનનીય શ્રી વિજયભાઈ રૂપાણીનો આજે ૬૧મો જન્મદિવસ હતો. પૂર પીડિતોની સહાય કરીને પોતાના જન્મદિવસની માનવીય અભિગમ સાથે ઉજવણી કરનાર મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પૂર પીડિતો માટે પોતાની સંવેદના પ્રગટ કરી છે. છેલ્લા ત્રણ દિવસથી શ્રી વિજયભાઈ રૂપાણી દિવસ રાત જોયા વગર પૂર પીડિતોની મદદ કરી રહ્યા છે. ત્યારે ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગર દ્વારા પણ સંવેદનશીલતા સાથે મુખ્યમંત્રીશ્રીના જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. મુખ્યમંત્રીશ્રીના ૬૧ માં જન્મદિન નિમિત્તે સુરત મહાનગરની તમામ ૧૨ વિધાનસભાઓમાં નિઃશુલ્ક મેડીકલ નિદાન, સારવાર તેમજ દવા વિતરણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સુરતના નામાંકિત તબીબો દ્વારા ડાયાબીટીસ, બ્લડ પ્રેશર, શરદી ખાંસી, તાવ, સ્ત્રી રોગ, બાળ રોગ, ચામડીના રોગોની તપાસ, જનરલ સર્જરી તથા દાંતની તપાસ કરવામાં આવી હતી. આંખની નિઃશુલ્ક તપાસ કરીને વિનામૂલ્યે ચશ્મા વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સ્થાનિક ધારાસભ્યશ્રી, વોર્ડ પ્રમુખ/મહામંત્રીશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ સહિતના પદાધિકારીશ્રીઓ હાજર રહી વ્યવસ્થા પૂરી પાડી હતી.